# રાજકોટ મહાનગરપાલિકા ખાતેના “અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ”

## સુધારા જાહેરાત

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારમાં U-CHC (શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર) અને U-PHC (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર)શરૂ કરવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફિક્સ પગારથી સરકારશ્રીની ૧૦૦ % ગ્રાન્ટ આધારિત જગ્યાઓ ભરવા માટે તા.૦૬/૧૦/૨૦૧૮ (૧૨:૦૦કલાક) થી તા.૨૦/૧૦/૨૦૧૮ (૨૩.૫૯ કલાક) સુધીમાં અરજીઓ મંગાવવા જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી અને તા.૨૧/૧૦/૨૦૧૮ અને તા.૨૩/૧૦/૨૦૧૮ ના રોજ સુધારા જાહેરાત આપવામાં આવેલ, સદરહુ જગ્યાઓ પર ભરતી કરવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાની નીચે દર્શાવ્યા મુજબ જગ્યાની વિગતે સુધારો પ્રસિધ્ધ કરવામા આવે છે. આ સુધારો સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવથી આર્થિક રીતે નબળા વર્ગોના નાગરીકો/વ્યક્તિઓ માટે સેવા/જગ્યાઓ પર નિમણુંકોમાં ૧૦% અનામત સંબંધે તથા સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૬/૦૨/૨૦૧૯ના પરિપત્રની જોગવાઈ સબંધે કરવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ તા.૦૮/૦૮/૨૦૧૯ સુધીમાં અરજી ઓનલાઈન કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગો | અનુ. જાતી | અનુ. જન જાતી | સા.શૈ.પ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગો | અનુ. જાતી | અનુ. જન જાતી | સા.શૈ.પ | |
| ૧ | મેડીકલ ઓફિસર | ૧૧ | ૭ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | ફાર્માસિસ્ટ | ૧૨ | ૭ | ૧ | ૦ | ૧ | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૩ | લેબ.ટેકનીશીયન | ૧૪ | ૮ | ૧ | ૦ | ૨ | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૪ | ફિમેલ હેલ્થ વર્કર | ૮૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૫ | ૮ | ૫ | ૧૨ | ૨૧ | ૦ |
| ૫ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર | ૧૨ | ૭ | ૧ | ૦ | ૧ | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૬ | સ્ટાફ નર્સ | ૧૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૧ | ૦ | ૧ | ૩ | ૦ |
| | કુલ | ૧૪૩ | ૨૯ | ૪ | ૦ | ૫ | ૧૧ | ૫૧ | ૯ | ૫ | ૧૩ | ૨૭ | ૦ |

અગત્યની સૂચના :

(૧)તા.૦૬/૧૦/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ મૂળ જાહેરાતમાં અરજી કરેલ જનરલ કેટેગરીના જે ઉમેદવારો હવે આર્થિક રીતે નબળા વર્ગની કેટેગરીમાં સમાવેશ થતો હોય તેવા ઉમેદવારોએ ફરીથી આર્થિક રીતે નબળા વર્ગની કેટેગરી અંતર્ગત અરજી કરવાની રહેશે .

(૨) જે ઉમેદવારો મૂળ જાહેરાતમાં અરજી કરી શક્યા નથી તેવા તમામ કેટેગરીના ઉમેદવારો સુધારેલ જાહેરાત અન્વયે ફરીથી અરજી કરી શકશે પરંતુ ઉંમર માટે મૂળ જાહેરાતમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ એટલે કે તા.૨૦/૧૦/૨૦૧૮ ગણતરીમાં લેવામાં આવશે.

(૩) જે ઉમેદવારોએ મૂળ જાહેરાતમાં અરજી કરેલ છે અને જે ઉમેદવારોને આર્થિક રીતે નબળા વર્ગના અનામતનો લાભ મળવા પાત્ર નથી તેવા ઉમેદવારોએ સુધારેલ જાહેરાતમાં ફરીથી અરજી કરવાની રહેશે નહી .

(૪) જે ઉમેદવારોએ મૂળ જાહેરાતમાં અરજી કરેલ છે તેવા સા.શૈ.પ./અનુ.જાતિ/અનુ.જન.જાતિ વર્ગના ઉમેદવારોએ સુધારેલ જાહેરાતમાં ફરીથી અરજી કરવાની રહેશે નહી.

(૫) સા.શૈ.પ., આર્થિક રીતે નબળા વર્ગો, અનુ.જન જાતિ, અને અનુ.જાતિના ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં ૪૫ વર્ષથી વધે નહિ તે રીતે પાંચ વર્ષ સુધી છૂટછાટ મળવાપાત્ર રહેશે.

(૬) સા.શૈ.પ., આર્થિક રીતે નબળા વર્ગો, અનુ.જન જાતિ, અને અનુ.જાતિની મહિલા ઉમેદવારના કિસ્સામાં ઉપલી વય મર્યાદામાં ૪૫ વર્ષથી વધે નહિ તે રીતે ૧૦ વર્ષ સુધી છૂટ છાટ મળવાપાત્ર રહેશે .

(૭) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ પરીક્ષા ફી રૂ.૫૦/- ચુકવવાની રહેશે.

(૮)આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઈ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર (અર્થાત તેઓ EWS Category હેઠળ આવે છે તે મતલબનું પ્રમાણપત્ર)ના નંબર અને તારીખ ઓન લાઈન અરજી કરતી વખતે દર્શાવવાની રહેશે તથા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મંગાવવામાં આવે ત્યારે તે રજૂ કરવાનું રહેશે .

(૯) મૂળ જાહેરાત અન્વયે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ વર્ષ ૨૦૧૮-૧૯ ની હોઈ, તા.૦૧/૦૪/૨૦૧૬ ના રોજ કે ત્યારબાદનું પરંતુ સુધારા જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરવામાં આવેલ “ ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર ”Non Creamy Layer Certificate(NCLC)” માન્ય ગણાશે. પરંતુ તે પ્રમાણપત્ર સુધારા જાહેરાત અન્વયે ઓન લાઈન અરજી કરવાની છેલ્લી તારીખ બાદનું હોવું જોઈએ નહિ. (અર્થાત, NCLC પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૨૦/૧૦/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ હોવું જોઈએ.)

(૧૦) આ સુધારા જાહેરાતમાં જણાવ્યા સિવાયની બધી જ જોગવાઈઓ તા.૦૬/૧૦/૨૦૧૮ ના રોજ પ્રસિદ્ધ થયેલ જાહેરાત તથા તા.૨૧/૧૦/૨૦૧૮ અને તા.૨૩/૧૦/૨૦૧૮ ની સુધારા જાહેરાત મુજબ જ રહેશે.

(૧૧)ઓનલાઈન અરજીમાં ખોટી વિગતો રજુ કરનાર ઉમેદવારને ભરતીની આગળની કાર્યવાહી માટે ગેરલાયક(નોટએલીજીબલ) ગણવામાં આવશે.

સહી: બી.એન.પાની
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા